આજની પ્રાર્થના....

સકલ જગત કો આપ રચાવે
સબકા પાલનહારા, અંદર
બાહિર સબ ઘટ પૂરન,
સબસે નિશદિન ન્યારા,
પ્રભુ તેરી મહિમા
પરમ અપારા


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૭૬ | ૨૭ મે, ૨૦૨૧, ગુરૂવાર; વૈશાખ વદ - ૧ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦


# ‘યાસ’ વાવાઝોડાએ વેર્યો વિનાશ

**યાસ વાવાઝોડું ટકરાય તે પહેલા ભારે પવનની સાથે વરસાદ શરૂ : યાસના કારણે દરિયામાં ભારે કરંટ જોવા મળી રહ્યો છે : ઓડિશાના ભદ્રકમાં વાવાઝોડું લેન્ડફોલ થવાની સંભાવના વ્યક્ત કરાઈ છે, તોફાની પવનમાં લોખંડનું પતરું પણ કાગળની જેમ ઉડતું દેખાયું છે**

નવી દિલ્હી,તા.૨૬

કોરોના વાવાઝોડું ઓડિશાના દરિયાકિનારે ટકરાવાનું છે તેવી આગાહી કરવામાં આવી રહી છે. જોકે, વાવાઝોડું ઓડિશા પહોંચે તે પહેલા જ તેનું તોફાની સ્વરુપ જોવા મળી રહ્યું છે. યાસ વાવાઝોડની અસર ભદ્રક જિલ્લામાં ભારે જોવા મળી રહી છે. અહીં તોફાની પવન સાથે વરસાદ થઈ રહ્યો છે. આજ રીતે પારાદીપ સહિતના વિસ્તારોમાં ભારે પવન ફૂંકાઈ રહ્યો છે અને વરસાદ થઈ રહ્યો છે. એક વિડીયો સામે આવ્યો છે જેમાં ઓડિશાના ભદ્રકમાં લોખંડનું પતરું તોફાની પવન વચ્ચે જાણે કાગળ કે પૂઠું હોય એ રીતે હવામાં ઉછળી ગયું હતું. વાવાઝોડાની અસર પશ્ચિમ બંગાળમાં પણ જોવા મળી રહી છે. ઓડિશાની સાથે પશ્ચિમ બંગાળના દરિયાકિનારે પણ કરંટ જોવા મળી રહ્યો છે. બંગાળના પૂર્વ મિદનાપુર જિલ્લામાં વાવાઝોડું નજીક આવવાની સાથે પવન ફૂંકાઈ રહ્યો છે અને દરિયામાં ઊંચા-ઊંચા મોજા ઉછળી રહ્યા છે. હવામાન વિભાગ મુજબ વાવાઝોડું ઓડિશાના બાલાસોરમાં બપોરના લેન્ડફોલ થશે તેવી આગાહી કરવામાં આવી છે. વાવાઝોડું શક્તિશાળી હોવાના કારણે લોકોને નુકસાન થાય કે તારાજી સર્જાય તે પહેલા જ જરુરી પગલા ભરવામાં આવ્યા છે. અહીં અઠવાડિયાની શરુઆતથી મોટી સંખ્યામાં સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે, વાવાઝોડાથી અસરગ્રસ્ત બને તેવા વિસ્તારમાંથી ૨૦ લાખ લોકોને સુરક્ષિત સ્થળો પર સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ૧૧ લાખ લોકોને સ્થળાંતરિત કર્યા હોવાનું જણાવ્યું છે. જ્યારે ઓડિશા સરકારે ૧૦ લાખ લોકોને સ્થળાંતરિત કર્યા હોવાનું જણાવ્યું છે. પાછલા વર્ષે આવેલા અમ્ફાન વાવાઝોડું પણ લોકોને યાદ છે. જેને ધ્યાનમાં રાખીને તમામ આગોતરી કામગીરી કરવામાં આવી છે. વાવાઝોડાને ધ્યાનમાં રાખીને અસરગ્રસ્ત વિસ્તારમાં એરપોર્ટ, રેલવે, એરપોર્ટ વગેરેની કામગીરી અટકાવી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે વાવાઝોડાની અસર બુધવારે સવારે ૫:૩૦થી અનુભવાશે અને તેના લીધે ઓડિશાના ભદ્રકમાં ભારે પવન સાથે વરસાદ થશે. સાડા ૧૧ વાગ્યે વાવાઝોડું ટકરાશે તેવી સંભાવના વ્યક્ત કરાઈ છે. યાસ વાવાઝોડું ધર્મા અને બાલાસોરની વચ્ચે ટકરાવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. વાવાઝોડાના લીધે ઉત્તર ઓડિશામાં ૧૦૦-૧૧૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે અને વરસાદ થશે. આ સાથે દરિયા કિનારામાં ૨-૪ મીટર ઊંચા મોજા ઉછળશે. બાલાસોર અને ભદ્રકમાં ૧૫૫-૧૬૫ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાની સંભાવના છે.








## વોટ્સએપે ભારત સરકાર વિરુદ્ધ દિલ્હી હાઈકોર્ટમાં કેસ દાખલ કર્યો

ન્યુ દિલ્હી,તા.૨૬

વોટ્સએપ તરફથી ભારત સરકાર વિરૂદ્ધ દિલ્હીમાં એક ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ ફરિયાદમાં વોટ્સએપે સરકારને બુધવારથી જાહેર થનારા રેગ્યુલેશંસને ના લાગુ કરવાની માંગ કરી છે. નવા નિયમ હેઠળ સરકારે ફેસબુકની માલિકીના હક ધરાવતી કંપનીને પ્રાઈવેસી રૂલ્સ પાછળ હટવા કહ્યુ છે. આ કેસમાં દિલ્હી હાઈકોર્ટને એમ જાહેર કરવા કહેવામાં આવ્યુ છે કે નવા નિયમમાંથી એક ભારતના બંધારણ હેઠળ આપવામાં આવેલી ગુપ્તતાના અધિકારનું ઉલ્લંઘન છે.

## ૫૦૦ કરોડ રૂપિયાનું વાવાઝોડા કૃષિ રાહત પેકેજ

ગાંધીનગર, તા.૨૬

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત પર તાજેતરમાં ૨૨૦ કિ.મી. પ્રતિ કલાકના તીવ્ર પવનની ઝડપે ત્રાટકેલા તાઉતે વાવાઝોડાના કારણે બાગાયતી પાકો અને ઉનાળુ પાકોને થયેલા વ્યાપક નુકસાન સામે રૂ. ૫૦૦ કરોડના વાવાઝોડા કૃષિ સહાય પેકેજની જાહેરાત કરી છે.

મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં મળેલી કોર કમિટિની બેઠકમાં આ અંગેનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી આ કૃષિ હિતકારી નિર્ણયની ભૂમિકા આપતાં કહ્યું કે, તાઉતે વાવાઝોડાની વ્યાપક અસર ગીરસોમનાથ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર અને બોટાદ એ પાંચ જિલ્લાઓ સાથે દક્ષિણ ગુજરાતના નવસારી, સુરત, વલસાડ, ભરૂચ જિલ્લાઓમાં પણ થઈ છે અને રાજ્યના ૮૬ તાલુકાઓમાં અંદાજે બે લાખ હેક્ટર વિસ્તારના કૃષિ અને બાગાયત પાકોને વ્યાપક નુકસાન થયું છે.

આ વાવાઝોડાએ ગુજરાતમાં ખેતી પાકો, મકાનો, પશુઓ તેમજ વીજળી, પાણી-પુરવઠો, રોડ-રસ્તા વગેરેને જે નુકસાન કર્યુ તેની સામે રાજ્ય સરકારના સમગ્ર વહીવટી તંત્રએ ખૂબ જ ટૂંકાગાળામાં યુદ્ધના ધોરણે સર્વે- રિસ્ટોરેશન વગેરે કામગીરી કરીને રાજ્યમાં આવી આપદામાં ભુતકાળમાં ક્યારેય ન થઈ હોય તેવી અભુતપૂર્વ ઝડપે કામગીરીની સિદ્ધિ મેળવી છે તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.

## દેશમાં ફરી કોરોના કેસ ૨ લાખને પાર

નવી દિલ્હી,તા.૨૬

દેશમાં કોરોના વાયરસના મામલામાં ૨૪ કલાકમની અંદર ફરીથી વધારો જોવા મળ્યો છે. એક દિવસના સમયગાળામાં ૨ લાખથી વધુ નવા કેસ નોંધાયા છે. આ પહેલા સોમવારે નવા સંક્રમિતોનો આંકડો ૨ લાખથી નીચે પહોંચી ગયો હતો. મંગળવારે ૨ લાખ ૯૫ હજાર લોકોએ કોરોનાને મ્હાત આપી હતી. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા ૨૫ મેના રોજ જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૨,૦૮,૯૨૧ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૪૧૫૭ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૨,૭૧,૫૭,૭૯૫ થઈ ગઈ છે. બીજી તરફ, દેશમાં કુલ ૨૦,૦૬,૬૨,૪૫૬ લોકોને કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૨ કરોડ ૪૦ લાખ ૫૪ હજાર ૮૬૧ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૩,૨૬,૮૫૦ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલમાં ૨૪,૯૫,૫૯૧ એક્ટિવ કેસ છે. બીજી તરફ, અત્યાર સુધીમાં કુલ ૩,૧૧,૩૮૮ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૨૫ મે સુધીમાં ભારતમાં કુલ ૩૩,૪૮,૧૧,૪૯૬ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે મંગળવારના ૨૪ કલાકમાં ૨૨,૧૭,૩૨૦ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

**૨૪ કલાકમાં ૨.૦૮ લાખ કોરોના કેસ : ૪૧૫૭ દર્દીઓનાં મોત : એક્ટિવ કેસોની સંખ્યા ૨૫ લાખની નીચે પહોંચી, ૨૪ કલાકમાં ૩.૨૬ લાખ દર્દી સાજા થયા**

## આઈએમએની રામદેવને ૧૦૦૦ કરોડની માનહાનીની નોટિસ પાઠવી

નવી દિલ્હી, તા. ૨૬

ઈન્ડિયન મેડિકલ અસોસિએશન (આઈએમએ) ઉત્તરાખંડે યોગગુરૂ બાબા રામદેવને ૧,૦૦૦ કરોડની માનહાનિ નોટિસ મોકલી છે. આ નોટિસમાં બાબા રામદેવને પોતાના વિવાદિત નિવેદન મુદ્દે સ્પષ્ટતા કરતો વીડિયો જાહેર કરવા અને ૧૫ દિવસમાં આઈએમએની લેખિત માફી માંગવા કહેવામાં આવ્યું છે. સાથે જ આવું નહીં કરવામાં આવે તો ૧,૦૦૦ કરોડનો માનહાનિ કેસ કરવાની ધમકી પણ આપવામાં આવી છે.

નોટિસમાં આઈએમએએ લખ્યું છે કે, બાબા રામદેવ એલોપથીનો ’એ’ પણ નથી જાણતા, અમે તેમના સવાલોનો જવાબ આપવા તૈયાર છીએ પરંતુ તે પહેલા પોતાની યોગ્યતા તો જણાવે. નોટિસમાં કહેવામાં આવ્યું છે કે, જો બાબા ૧૫ દિવસની અંદર માફી નહીં માંગે તો તેમના વિરૂદ્ધ ૧,૦૦૦ કરોડ રૂપિયાનો માનહાનિનો દાવો કરવામાં આવશે.

આઈએમએએ ઉત્તરાખંડે લખ્યું છે કે, ’રામદેવ પોતાની દવાઓ વેચવા માટે સતત જુઠાણું ફેલાવી રહ્યા છે. તેમણે કહ્યું કે તેમણે અમારી હોસ્પિટલોમાં પોતાની દવાઓની ટ્રાયલ કરી છે, અમે એ હોસ્પિટલોના નામ પુછ્યા પરંતુ તેઓ ન કહી શક્યા કારણ કે તેમણે ટ્રાયલ કરી જ નથી. ડોક્ટરો વિરૂદ્ધ આ પ્રકારની ટિપ્પણીથી લોકોમાં પણ બાબા પ્રત્યે ગુસ્સો છે.’

## સામાન્ય લક્ષણ વાળા દર્દીનું શરીર કોરોનાની સામે લડવા માટે સક્ષમ

**વોશિંગ્ટન યુએસએમ તરફથી એક રાહતના સમાચાર**

નવી દિલ્હી, તા. ૨૬

કોરોના વાયરસના કારણે આખી દુનિયા પરેશાન છે ત્યારે વોશિંગ્ટન યુનિવર્સિટી સ્કુલ ઓફ મેડિસિન તરફથી એક રાહતના સમાચાર સામે આવ્યા છે. સંશોધકોના કહેવા પ્રમાણે કોરોનાના હળવા લક્ષણો ધરાવતા દર્દીઓનું શરીર હંમેશા કોરોના સામે લડતું રહી શકે છે. મતલબ કે તમારા શરીરમાં કોરોના વિરૂદ્ધની પ્રતિકારક શક્તિ એટલે કે એન્ટીબોડી હંમેશા બનતી રહેશે. સાથે જ કોરોના વાયરસ સામે સંઘર્ષ પણ કરતી રહેશે. સૌથી મોટા સમાચાર એ છે કે કોરોના સંક્રમણના પહેલા લક્ષણના ૧૧ મહિના બાદ ફરી એન્ટીબોડી વિકસિત થઈ રહ્યા છે.

અમેરિકાના સેન્ટ લુઈસ ખાતે આવેલી વોશિંગ્ટન યુનિવર્સિટી સ્કુલ ઓફ મેડિસિનના સંશોધકોનો આ અભ્યાસ સાયન્સ જર્નલ નેચરમાં ૨૪ મેના રોજ પ્રકાશિત થયો હતો. વૈજ્ઞાનિકોના કહેવા પ્રમાણે કોરોના સંક્રમણમાંથી સાજા થયાના કેટલાક મહિના બાદ પણ લોકોમાં કોવિડ-૧૯ વાયરસ સામે લડવા માટેના એન્ટીબોડી સેલ્સ એટલે કે પ્રતિકારક કોષ કામ કરતા રહે છે.

## મોડર્ના વેક્સિનની ૩૭૩૨ બાળકો પર ટ્રાયલ કરાઈ

વોશિંગ્ટન,તા.૨૬

ભારત કોરોના વાયરસની બીજી લહેર સામે ઝઝૂમી રહ્યું છે અને આ બધા વચ્ચે સતત ત્રીજી લહેરની ચેતવણી અપાઈ રહી છે. જેની સૌથી વધુ અસર બાળકો પર થઈ શકે છે. જો કે બાળકો માટે કોરોના રસીને લઈને સારા સમાચાર આવ્યા છે. મોડર્નાએ દાવો કર્યો છે કે તેની રસી ૧૨થી ૧૭ વર્ષના બાળકો પર પ્રભાવી છે. મોડર્નાએ પોતાની રસીના બાળકો પર થયેલા બીજા અને ત્રીજા તબક્કાની ટ્રાયલના પરિણામ જાહેર કર્યા છે.

રિપોર્ટ મુજબ કંપનીએ દાવો કર્યો છે કે મોડર્ના રસીનો પહેલો ડોઝ ૧૨થી ૧૭ વર્ષના બાળકોમાં કોવિડ-૧૯ વિરુદ્ધ ૯૩ ટકા પ્રભાવી છે અને બીજો ડોઝ લીધાના બે સપ્તાહ બાદ ૧૦૦ ટકા પ્રભાવી તથા સુરક્ષિત જોવા મળી છે. મોડર્નાએ ટ્રાયલમાં ૧૨થી ૧૭ વર્ષના ૩૭૩૨ બાળકોને સામેલ કર્યા હતા. જેમાંથી ૨૪૮૮ બાળકોને બંને ડોઝ આપવામાં આવ્યા હતા. કંપનીનું કહેવું છે કે રસીના બંને ડોઝ લેનારા બાળકોમાં કોરોનાના લક્ષણો જોવા મળ્યા નથી.


ઓર્ગેનિક ઓરીજીનલ કપુર અને કપુર ધુપ અગરબત્તી મળશે
M.99133 11334

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧




ટ્યુશન વગર સર્વશ્રેષ્ઠ પરિણામ આપતી ગુજરાતની એક માત્ર સંસ્થા.....
The Right way of Learning the Best Education.....
Infocity JUNIOR SCIENCE COLLEGE & SCHOOL
Since-2004
Secondary & Higher Secondary English & Gujarati Medium School



Infocity School Sargasan
Ta & Dist. Gandhinagar - 382421

6th to 12th (Science)
English & Gujarati Medium
Mo. : 99250 73172
76238 71647/48
70698 14797
Office Timing : 8am to 2pm



Infocity Complex, Near Gh-0,
Annexe Building, Gandhinagar.

9th to 12th
Only English Medium
Science & Commerce
Mo. : 93274 35816
Office Timing : 8am to 2pm